# સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

## જા હે રા ત

સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ સંભવિત ખાલી પડનાર જગ્યા માટે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર **તા.૧૬/૦૫/૨૦૧૮** સુધીમાં પહોંચે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | **(૧૬)આસીસ્ટન્ટ મ્યુનિ. કમિશ્નર સંખ્યા–૧** (સા.શૈ.પ.વ.) (સંભવિત ખાલી પડનાર જગ્યા) |
| લાયકાત | (૧) માન્ય વિદ્યાપીઠના કોઈપણ શાખાના સ્નાતક તથા કાયદાના સ્નાતક.<br>(૨) કોઈપણ સરકારી /અર્ધસરકારી સંસ્થામાં જવાબદારી ભરેલા હોદ્દા પર **દશ વર્ષનો વહીવટી અનુભવ.**<br>(૩) ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૪૫ વર્ષ થી વધુ નહી, સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં મર્યાદા લાગુ પડશે નહી. |
| પગારધોરણ | રૂા. 10000-15200. (પે બેન્ડ 15600-39100, ગ્રેડ પે 6600)(પે મેટ્રીક્ષ ૬૭૭૦૦–૨૦૮૭૦૦) |
| નોંધ :– | સ્પે.સી.એ. નં.૧૦૯૯૧/૨૦૧૪ ના આખરી ચુકાદાને આધિન ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. |

| | |
|---|---|
| સૂચના :– | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

નોંધઃ– (૧) ખડી સમિતિને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યા માટેના ઉમેદવારોને પસંદગી માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે

(૩) ઉંમર અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણતરીમાં લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકા સિવાયના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૪) ઉમેદવારે CCC+ પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ તથા સરકારશ્રી ધ્વારા વખતોવખતના નિયમોનુસારથી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૫–૧૫૩૨–પાર્ટ–૩–ક, તા.૦૧/૦૪/૨૦૧૭ અનુસારની કોમ્પ્યુટર કક્ષાની વિવિધ લાયકાત ધરાવતા હોય તો તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ ,

(૩) જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) અનુભવનું પ્રમાણપત્ર.

(૫) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકાના અધિકારી/ કર્મચારીઓની અરજી ખાતા મારફત ઓફીસ સુપ્રિ.શ્રી મધ્યસ્થ કચેરીને મોકલાવવાની રહેશે.

(૭)સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૮) EPIC કાર્ડની નકલ તથા (૯) આધાર કાર્ડની નકલ

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની અર્થઘટન સમિતિ/ એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે. પરંતુ મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૧૦) પ્રેકટીકલ, લેખિત, શારિરીક ક્ષમતા, મૌખિક, પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

(૧૧) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોંટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૪) આ જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૫) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૬) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૭) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૮) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૯) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પછાત વર્ગ તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધુરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૬ પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધુરી અરજી હોય.

(૧૨) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી

હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે

ઉપરોકત જગ્યા માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૫૦/–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૫૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ–(૧)** ઉપરોકત વર્ગ–૧ની જગ્યા માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ .www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

(૨)નામ. ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ. નં.૧૦૯૯૧/૨૦૧૪ ના આખરી ચુકાદાને આધિન.

**અરજી મોકલવાનું સરનામુ :** – ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩.

સહી/– એમ. થેન્નારસન

**મ્યુનિ. કમિશ્નર,**

**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૪૨/૨૦૧૮–૨૦૧૯

તા.૨૬/૦૪/૨૦૧૮.